સેવા/મહેકમ/શિસ્ત વિષયક બાબતોમાં કેસો
માર્ક કરવાનો રાહ(channel of submission)
નક્કી કરવા અંગે.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસીઓએસ–૧૦૨૦૦૯–૫૪૭૮૩–ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ–૧૯/૦૧/૨૦૧૦.

**વંચાણે લીધાઃ–**

(૧) સા.વ.વિ.ના તા.૨૩–૧૨–૨૦૦૫, તા.૨૦–૪–૨૦૦૬, તા.૨૬/૭/૦૬, તા.૩/૩/૦૭,
તા.૨૧/૮/૦૮ અને તા.૧/૯/૦૯ ના ઠરાવ ક્રમાંકઃ–સીઓએસ–૧૦૨૦૦૫–૫૧૬–ગ.૨

**ઠ રા વઃ–**

ઉપર વંચાણે લીધેલા સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩–૧૨–૨૦૦૫, તા.૨૦–૪–૦૬, તા.૨૬–૭–૦૬, તા.૩–૩–૦૭, તા.૨૧/૮/૦૮ અને તા.૧/૯/૦૯ ના ઠરાવોથી વર્ગ–૧ ના અધિકારીઓને લગતી સેવા/મહેકમ/શિસ્ત વિષયક બાબતોના કેસોની રજુઆતનો રાહ નિયત કરવામાં આવેલ છે. ઉકત સામાન્ય વહીવટ વિભાગના તારીખઃ૨૩/૧૨/૦૫ ના ઠરાવ સાથેના **પરિશિષ્ટ–૨ ના ક્રમાંકઃ૩** માં અધિકારીને ફરજમોકુફી ઉપર ઉતારવા અને ફરજમોકુફી પરથી પુનઃ સ્થાપિત કરવા અંગેના કેસોનો રજુઆતનો રાહ નિયત કરવામાં આવેલ છે. તેમાં ફેરફાર કરીને હવે નીચે દર્શાવ્યા મુજબનો રજુઆતનો રાહ નિયત કરવામાં આવે છે.

| ક્રમાંક | વિષય | રૂ.૧૬૦૦૦–૨૦૦૫૦ (રૂ.૩૭૪૦૦–૬૭૦૦૦ નું પગાર ધોરણ + રૂ.૮૯૦૦ નો ગ્રેડ પે) કે તેથી ઉપરનાં પગાર ધોરણમાં પગાર મેળવતાં અધિકારીઓને લગતી બાબતો | વર્ગ–૧ ના અન્ય અધિકારીઓને લગતી બાબતો. | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ૨. | ૩. | ૪. | ૫. |
| ૩ | (ક) અધિકારીને ફરજમોકુફી ઉપર ઉતારવા અને ફરજમોકુફી પરથી પુનઃ સ્થાપિત કરવા બાબતના કેસો. | ૧. વિભાગના સચિવશ્રી<br>૨. અ.મુ.સ.શ્રી(ક.ગ.) સા.વ.વિભાગ.<br>૩. મુખ્ય સચિવશ્રી,<br>૪. મંત્રીશ્રી,<br>૫. મુખ્યમંત્રીશ્રી. | ૧. વિભાગના સચિવશ્રી,<br>૨. અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સા.વ.વિભાગ,<br>૩. મુખ્ય સચિવશ્રી,<br>૪. મંત્રીશ્રી. | વર્ગ–૨ ના અધિકારીના ફરજમોકુફીના કેસ અ.મુ.સ. શ્રી(ક.ગ.), સા.વ.વિ.સુધી રજુ કરવા. |
| | (ખ) ફરજમોકુફીનો સમયગાળો વિનિયમિત કરવા બાબત. | ૧. વિભાગના સચિવશ્રી | ૧. વિભાગના સચિવશ્રી | |

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સી.એમ.સદાદીયા)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
– નામ.રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી,
– માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
– સર્વે મંત્રીશ્રીઓ / રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
– સચિવાલયના તમામ વહીવટી વિભાગો
– સા.વ.વિ.ની તમામ શાખાઓ / અધિકારીઓ,
– સીલેકટ ફાઈલ/ગ.૨ શાખા.

સરકારી કર્મચારી / અધિકારીઓની બદલીઓ અને નિયુક્તિઓના ફેરફાર યુક્ત માર્ગદર્શક સિધ્ધાંતો.

ગુજરાત સરકાર,
**સામાન્ય વહીવટ વિભાગ,**
ઠરાવ ક્રમાંક : ટીઆરએફ–૧૦૯૮–૧૪૩૨–ગ.૨
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :– ૨ /૨/૨૦૧૦

**વંચાણે લીધો :–** સામાન્ય વહીવટ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૫–૧૧– ૨૦૦૫નો ઠરાવ.

**ઠરાવ :–**

સરકારના સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ તા.૨૫–૧૧–૨૦૦૫ના ઠરાવથી રાજ્ય સરકારના કર્મચારીઓ / અધિકારીઓની બદલીના માર્ગદર્શક સિધ્ધાંતો નિયત કરવામાં આવેલ છે. ઉકત ઠરાવ સાથેના પરિશિષ્ટ–૧ના ફકરા–૮(૧)માં બદલી અને નિયુક્તિઓમાં વિચારણામાં લેવાના કૌટુંબિક અને તબીબી કારણો અંતર્ગત સરકારી અધિકારી / કર્મચારીના મંદબુધ્ધિના બાળકની સારવાર / સારસંભાળ બાબતે જે જોગવાઈઓ કરવામાં આવેલ છે, તેમાં ફેરફાર કરીને હવે નીચે મુજબ નવી ફકરા–૮(૧) અને ૮(૧–અ)ની જોગવાઈ દાખલ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

"૮(૧):– જે અધિકારી / કર્મચારીને મંદ બુધ્ધિવાળુ બાળક હોય તેમને તેમના આવા બાળકની સારવાર / સાર સંભાળ માટે મેડીકલ સુવિધા ઉપલબ્ધ હોય તેવા પસંદગીના સ્થળે નિયુક્તિ આપવાની માંગણી દરેક કેસના ગુણદોષ, જાહેર હિત અને વહીવટી જરૂરીયાત તેમજ કામનું હિત વગેરેને વિચારણામાં લઈ, દાકતરી પ્રમાણપત્રોને આધારે સહાનુભૂતિપૂર્વક વિચારણામાં લેવી અને શકય હોય તેટલે અંશે આવી વિનંતીઓ ગ્રાહ્ય રાખવી."

"૮(૧–અ):– સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ / સીવીલ સર્જનના વિકલાંગતા અંગેના નિયત નમૂનાના પ્રમાણપત્ર મુજબ ૪૦ ટકા કરતા વધુ વિકલાંગતા ધરાવતા વર્ગ–૧, વર્ગ–૨, વર્ગ–૩ અને વર્ગ–૪ના સરકારી અધિકારીઓ /

કર્મચારીઓને વહીવટી જરૂરીયાતોને આધીન, જયાં સુધી શકય હોય ત્યાં સુધી, તેઓના વતનના સ્થળની નજીક તેઓની માંગણીઓ ધ્યાનમાં લઈને નિમણુંક / નિયુકિત આપવાની યોગ્ય વિચારણા કરવી."

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એમ.સદાદીયા)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
- વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
- સર્વે માન.મંત્રીશ્રીઓ / માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- ➢ સચિવશ્રી, ગુજરાત વિધાન સભા સચિવાલય, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- ➢ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ➢ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા અમદાવાદ.
- ➢ સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસીસ ટ્રીબ્યુનલ ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- ➢ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવાલયના તમામ વિભાગો (તેઓના નિયંત્રણ હેઠળના ખાતાના / કચેરીના વડાઓને જાણ કરવાની વિનંતી સહ)
- વિભાગના તમામ અધિકારીઓ / શાખાઓ
- પસંદગી ફાઈલ ગ.૨–શાખા

---

➢ પત્ર ધ્વારા.

**સેવા/મહેકમ/શિસ્ત વિષયક બાબતોમાં કેસો**
**માર્ક કરવાનો રાહ(channel of submission)**
**નકકી કરવા અંગે.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસીઓએસ–૧૦૨૦૦૯–૫૮૭૮૩–ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ–**૨૨** /૦૪/૨૦૧૦.

**વંચાણે લીધાઃ–**

(૧) સા.વ.વિ.ના તા.૨૩–૧૨–૨૦૦૫, તા.૨૦–૪–૨૦૦૬, તા.૨૬/૭/૦૬, તા.૩/૩/૦૭, તા.૨૧/૮/૦૮ અને તા.૧/૯/૦૯ ના ઠરાવ ક્રમાંકઃ–સીઓએસ–૧૦૨૦૦૫–૫૧૬–ગ.૨

(૨)સા.વ.વિ.નો તા.૧૬/૧/૨૦૧૦ નો ઠરાવ ક્રમાંકઃ–સીઓએસ–૧૦૨૦૦૯–૫૮૭૮૩–ગ.૨

**ઠ રા વઃ–**

ઉપર વંચાણે લીધેલા સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩–૧૨–૨૦૦૫, તા.૨૦–૪–૦૬, તા.૨૬–૭–૦૬, તા.૩–૩–૦૭, તા.૨૧/૮/૦૮, તા.૧/૯/૦૯ અને તા.૧૬/૧/૨૦૧૦ ના ઠરાવોથી વર્ગ–૧ ના અધિકારીઓને લગતી સેવા/મહેકમ/શિસ્ત વિષયક બાબતોના કેસોની રજુઆતનો રાહ નિયત કરવામાં આવેલ છે. ઉકત સામાન્ય વહીવટ વિભાગના તારીખઃ૧૬/૧/૧૦ ના ઠરાવ સાથેના **પરિશિષ્ટ–૨** ના **ક્રમાંકઃ૩** માં અધિકારીને ફરજમોકુફી ઉપર ઉતારવા અને ફરજમોકુફી પરથી પુનઃ સ્થાપિત કરવા અંગેના કેસોનો રજુઆતનો રાહ નિયત કરવામાં આવેલ છે. તેમાં ફેરફાર કરીને હવે નીચે દર્શાવ્યા મુજબનો રજુઆતનો રાહ નિયત કરવામાં આવે છે.

| ક્રમાંક | વિષય | રૂ.૩૭૪૦૦–૬૭૦૦૦ નું પગાર ધોરણ + રૂ.૮૯૦૦ નો ગ્રેડ પે (જુનું પગાર ધોરણ રૂ.૧૬૦૦૦–૨૦૦૫૦) કે તેથી ઉપરનાં પગાર ધોરણમાં પગાર મેળવતાં અધિકારીઓને લગતી બાબતો | **વર્ગ–૧ ના અન્ય અધિકારીઓને લગતી બાબતો.** | **રિમાર્કસ** |
|---|---|---|---|---|
| ૧ | ૨. | ૩. | ૪. | ૫. |
| ૩ | **(ક) અધિકારીને ફરજમોકુફી ઉપર ઉતારવા અને ફરજમોકુફી પરથી પુનઃ સ્થાપિત કરવા બાબતના કેસો.**<br>**(૧) જયારે દરખાસ્ત અંગે સામાન્ય વહીવટ વિભાગ અને સંબંધિત મંત્રીશ્રીના અભિપ્રાયમાં કોઈપણ ભિન્નતા ન હોય ત્યારે,** | **૧. વિભાગના સચિવશ્રી**<br>**૨. અ.મુ.સ.શ્રી(ક.ગ.) સા.વ.વિભાગ.**<br>**૩. મુખ્ય સચિવશ્રી,**<br>**૪. મંત્રીશ્રી,**<br>**૫. મુખ્યમંત્રીશ્રી.** | **૧. વિભાગના સચિવશ્રી,**<br>**૨. અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સા.વ.વિભાગ,**<br>**૩. મુખ્ય સચિવશ્રી,**<br>**૪. મંત્રીશ્રી.** | **વર્ગ–૨ ના અધિકારીના ફરજમોકુફીના કેસ અ.મુ.સ. શ્રી(ક.ગ.), સા.વ.વિ.સુધી રજુ કરવા.** |

| | | | | |
|---|---|---|---|---|
| | (૨) જ્યારે દરખાસ્ત અંગે સામાન્ય વહીવટ વિભાગ. અને સંબંધિત મંત્રીશ્રીના અભિપ્રાયમાં કોઈપણ ભિન્નતા હોય ત્યારે, | ૧. વિભાગના સચિવશ્રી<br>૨. અ.મુ.સ.શ્રી(ક.ગ.) સામાન્ય વહીવટ વિભાગ.<br>૩. મુખ્ય સચિવશ્રી,<br>૪. મંત્રીશ્રી,<br>૫. મુખ્યમંત્રીશ્રી. | ૧. વિભાગના સચિવશ્રી<br>૨. અ.મુ.સ.શ્રી(ક.ગ.) સામાન્ય વહીવટ વિભાગ.<br>૩. મુખ્ય સચિવશ્રી,<br>૪. મંત્રીશ્રી,<br>૫. મુખ્યમંત્રીશ્રી. | |
| | (ખ) ફરજમોકુફીનો સમયગાળો વિનિયમિત કરવા બાબત. | ૧. વિભાગના સચિવશ્રી | ૧. વિભાગના સચિવશ્રી, | |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( સી.એમ.સદાદીયા )
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

- નામ.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી,
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
- સર્વે મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,
- સચિવાલયના તમામ વહીવટી વિભાગો
- સા.વ.વિ.ની તમામ શાખાઓ / અધિકારીઓ,
- સીલેક્ટ ફાઈલ/ગ.૨ શાખા.

ગુજરાત જાહેર સેવા આયોગના ક્ષેત્રાધિકાર હેઠળની વર્ગ-૩ની જગ્યાઓ પરથી નિવૃત્ત થયેલાં કર્મચારીઓને પેન્શન કાપની શિક્ષા કરતી વખતે આયોગનો પરામર્શ કરવા અંગે.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ પીએસસી-૧૦૨૦૦૮-૪૫૩૬૫૫-ગ.૨
સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ-૨૧-૪-૨૦૧૦.

## પરિપત્ર

ગુજરાત મુલકી સેવા (પેન્શન)નિયમો, ૨૦૦૨ ના નિયમ-૨૩(૪) અને નિયમ-૨૪(૧) હેઠળ, રાજય સરકારના પેન્શનરના કિસ્સામાં જો તેઓ ગંભીર ગુના બદલ કસુરવાર સાબિત થયા હોય કે ગંભીર ગેરવર્તણૂક માટે દોષિત સાબિત થયા હોય તો, તે માટેના લિખિત હુકમ દ્વારા તેઓનું પેન્શન કે પેન્શનનો હિસ્સો કાયમી ધોરણે કે નિશ્ચિત કરેલાં સમય માટે પાછો ખેંચવા માટે કે મોકૂફ રાખવા માટે સરકાર સક્ષમ સત્તાધિકારી છે. પરંતુ આ પ્રમાણે પેન્શન કે પેન્શનનો હિસ્સો પાછો ખેંચવાના કે મોકુફ રાખવાના હુકમો કરતાં પહેલાં ગુજરાત જાહેર સેવા આયોગનો પરામર્શ પણ જરૂરી છે.

આ અંગે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા એવો અભિપ્રાય વ્યકત થયો છે કે, આયોગના ક્ષેત્રાધિકાર હેઠળની વર્ગ-૩ ની જગ્યાઓ ઉપર નિમણૂક પામેલાં કર્મચારીઓ નિવૃત્ત થાય અને તેમના કિસ્સામાં ગુજરાત મુલકી સેવા (પેન્શન)નિયમો, ૨૦૦૨ ના નિયમ-૨૩(૪) કે નિયમ-૨૪(૧) હેઠળ સરકાર દ્વારા પેન્શન કાપની શિક્ષા કરવામાં આવતી હોય તો, તે અંગેના હુકમો કરતાં પહેલાં આયોગનો પરામર્શ જરૂરી બનશે નહીં.

ગુજરાત જાહેર સેવા આયોગના ઉકત અભિપ્રાય પરત્વે પુખ્ત વિચારણા કરવામાં આવી છે. ગુજરાત મુલકી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ના નિયમ-૨૩(૪) નીચે પ્રમાણે છેઃ-

**"ગુજરાત જાહેર સેવા આયોગની હકૂમતમાં આવતાં અધિકારીઓ સંબંધે પેટા નિયમ-(૧) હેઠળ હુકમ કરતાં પહેલાં આયોગ સાથે પરામર્શ કરવામાં આવશે."**

(૨) ગુજરાત મુલકી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ના નિયમ-૨૪(૧)નો પહેલો પરંતુક નીચે મુજબ છે.

**"પરંતુ, ગુજરાત જાહેર સેવા આયોગના કાર્યક્ષેત્રની જગ્યાના ધારક અધિકારીઓ સંબંધે આવો હુકમ કરતાં પહેલાં આયોગ સાથે પરામર્શ કરવામાં આવશે."**

(P.T.O.)

ઉપર્યુક્ત બન્ને નિયમોમાં એ મુદ્દો નોંધપાત્ર છે કે, તેમાં "અધિકારીઓ" એવો શબ્દપ્રયોગ થયો છે. જેનો અર્થ એ થાય છે કે, ઉકત બન્ને નિયમો રાજ્ય સરકારના વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓના કિસ્સામાં લાગુ પડે છે. પરંતુ વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓના કિસ્સામાં લાગુ પડતા નથી. જો ઉકત નિયમોમાં "કર્મચારીઓ" એવો શબ્દપ્રયોગ પણ થયો હોત તો, તે નિયમો વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓના કિસ્સામાં પણ લાગુ પડત. આનો અર્થ એ થાય છે કે, સરકાર દ્વારા વર્ગ-૩ અને વર્ગ-૪ ના કોઇ કર્મચારીને પેન્શન પાછું ખેંચવાની કે મોકુફ રાખવાની શિક્ષા કરવામાં આવતી હોય ત્યારે ગુજરાત જાહેર સેવા આયોગનો પરામર્શ જરૂરી નથી.

ઉપર મુજબની સ્થિતિ ધ્યાને લઇને એ સ્પષ્ટતા કરવામાં આવે છે કે, ગુજરાત જાહેર સેવા આયોગના ક્ષેત્રાધિકાર હેઠળની જગ્યાઓ પર નિમણૂક પામેલા રાજ્ય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓના કિસ્સામાં જયારે તેમની નિવૃત્તિ બાદ પેન્શન મોકુફી કે પેન્શન પાછું ખેંચવાના શિક્ષાના હુકમો સરકાર દ્વારા કરવામાં આવે ત્યારે, ગુજરાત જાહેર સેવા આયોગનો પરામર્શ જરૂરી નથી.

(૩) આ સૂચનાઓ ધ્યાનમાં રાખી વિભાગો દ્વારા આ પ્રકારના કિસ્સાઓમાં ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શની પ્રક્રિયા હાથ ન ધરવામાં આવે તે જોવા સર્વે વિભાગોને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(હર્ષ બ્રહ્મભટ્ટ)
સંયુકત સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.
- વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
- સર્વે માન. મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલકી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/શાખાઓ.
- વિશિષ્ટ ફાઇલ
- પત્ર દ્વારા

**રાજય સરકાર હેઠળની જગ્યાઓ ભરવા સંબંધમાં અસરકારક અમલ માટે ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૨૦૧૦-સી.એમ.(૨)૬૨૪૩૮-ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૧૧/૦૫/૨૦૧૦.

**ઠ રા વ:-**

રાજય સરકાર હેઠળની જગ્યાઓ ભરવા સંબંધમાં ઉકત જગ્યાઓ સમયસર / યોગ્ય આયોજનપૂર્વકના સમયપત્રક મુજબ ભરી શકાય અને રાજયના વહીવટી તંત્રના અસરકારક અમલીકરણ માટે રાજય કક્ષાની એક ઉચ્ચ કક્ષાની અભ્યાસ સમિતિની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે, સરકારશ્રી નીચે દર્શાવ્યા મુજબની રાજય કક્ષાની સમિતિની રચના કરવાનું ઠરાવે છે.

| | | |
|---|---|---|
| (૧) માન.મંત્રીશ્રી(નાણાં, શ્રમ અને રોજગાર) | – | અધ્યક્ષશ્રી, |
| (૨) માન.મંત્રીશ્રી(મા. અને મ., મહેસુલ, મહિલા અને બાળ કલ્યાણ) | – | સભ્યશ્રી, |
| (૩) માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ, વાહનવ્યવહાર અને કાયદો) | – | સભ્યશ્રી, |
| (૪) અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.),સા.વ.વિ. | – | સભ્યશ્રી, |
| (૫) અગ્ર સચિવશ્રી/નાણાં વિભાગ | – | સભ્ય સચિવશ્રી, |

**૨. ઉપરોકત સમિતિની કામગીરી / સત્તા નીચે મુજબ રહેશે.**

(૧) રાજય સરકાર હેઠળની તમામ જગ્યાઓની સમગ્ર ભરતી પ્રક્રિયાની પુનઃ સમીક્ષા કરવાની જરૂરીયાત અને ઉકત જગ્યાઓ ભરવાની મંજૂરી માટે નાણાં વિભાગ સમક્ષ વારંવાર જવાના બદલે ફકત એક જ વખત જવું પડે તેવી વ્યવસ્થા ગોઠવી શકાય કે કેમ તે અંગે અભ્યાસ કરી સુચનો કરવા.

(૨) રાજય સરકારની આવકના સ્ત્રોત હોય તેવા વિભાગોમાં કરકસર કરવાથી રાજયની આવક ઉપર અસર થાય છે. આથી આ બાબતને લક્ષમાં રાખી અભ્યાસ કરી જગ્યાઓ ભરવા સંદર્ભે જરૂરી ભલામણ કરવી, દા.ત.સેલ્સટેક્ષ, આર.ટી.ઓ., એસ.ટી.ના ડ્રાયવર-કંડકટરોની જગ્યાઓ વિગેરે.

(૩) રાજય સરકાર હેઠળની જગ્યાઓ પર ભરતી ન થવાના કારણે મોટા પ્રમાણમાં એકસટેન્શન થઈ રહયા છે / વય નિવૃત્તિ બાદ કરારના ધોરણે નિમણૂંકો અપાઈ રહી છે, જેનાથી ઓફીસના કલેરીકલ સ્ટાફમાં અને સચિવાલયમાં જવાબદારીવાળા અધિકારી, કર્મચારી મળવાની જગ્યાએ એડહોક માનસિકતાવાળા કર્મચારીઓ / અધિકારીઓ મળે છે, અને નવા કર્મચારી / અધિકારીઓ અનુભવી લોકોના હાથ નીચે ટ્રેઈન્ડ પણ થતા નથી, અને સરેરાશ ઉંમર પણ વધી જાય છે, જેથી આ અંગેના ઉપાયો બાબતે જરૂરી સુચનો કરવા.

(૪) જાહેર જનતાની સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલ શિક્ષણ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા પોલીસ ખાતાની હાલની કામગીરીને કારણે સરકાર ધ્વારા થતી કામગીરીમાં પ્રજાનો અસંતોષ ઉભો થાય છે, જે અટકાવવા સમિતિ જરૂરી સુચનો કરશે.

(૫) સચિવાલયના દરેક વિભાગોમાં કર્મચારી / અધિકારીઓની નિવૃત્ત થવાની તારીખો નક્કી હોય છે, આથી આગામી પાંચ વર્ષમાં ભરવાની થતી વર્ષવાર જગ્યાઓની ગણતરી કરીને તેની ભરતી કરવાની એકી સાથે મંજૂરી દરેક વિભાગને આપી દેવી જોઈએ. જેથી સંબંધિત વિભાગ દર વર્ષે એપ્રિલ માસમાં ભરતી પ્રક્રિયા ચાલુ કરી શકે અને તે કારણે ભરતીની કાર્યવાહી કરતી સંસ્થા / બોર્ડનું ભારણ ઘટશે અને જગ્યાઓ ભરવા બાબતે એડવાન્સ પ્લાનીગ થઈ શકશે, તથા આઉટસોર્સીંગની વ્યવસ્થા પણ થઈ શકે, તે બાબતે સમિતિ જરૂરી સુચનો કરશે.

(૬) એક જ સંવર્ગના અધિકારી / કર્મચારીઓ માટે એડર્વટાઈઝ એક જ સમયે બહાર પાડવી જોઈએ, જેથી વારંવાર ઈન્ટરવ્યુ ટાળી શકાય. ઘણીવાર ખૂબ ઓછી જગ્યા માટે મોટી માત્રામાં અરજીઓ આવતી હોય છે, અને લાખોની સંખ્યામાં ઈન્ટરવ્યુ કરવામાં ખૂબ જ સમય જાય છે, ઉકત બાબતે સમિતિ જરૂરી સુચનો કરશે.

(૭) જુદા જુદા પ્રકારના અને જુદા જુદા તબકકાના કોર્ટના ચુકાદાઓનો અભ્યાસ કરી, ભરતી નિયમોમાં યોગ્ય બદલાવ લાવવા અને કેટલીક મુશ્કેલીઓ નિવારીને જરૂરી ઝડપ કરી શકાય તે બાબતે સમિતિ સુચન કરશે.

૩. સમિતિની કાર્યઅવધિ રાજય સરકાર ધ્વારા વખતોવખત નક્કી કરવામાં આવે તે મુજબ રહેશે.

૪. સમિતિનું વડુ મથક ગાંધીનગર રહેશે. સમિતિની બેઠકો અધ્યક્ષશ્રી તેઓશ્રીને યોગ્ય લાગે તે સ્થળે અને સમયાંતરે બોલાવી શકશે.

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૫/૦૩/૨૦૧૦ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( સી.એમ.સદાદીયા )
નાયબ સચિવ(ક.ગ.),
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

નામ.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

P.T.O.

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી, નાણાં શ્રમ અને રોજગાર, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી, માર્ગ અને મકાન, મહેસુલ અને મહિલા બાળ કલ્યાણ,
માન.રા.ક.મંત્રીશ્રી, ગૃહ, વાહનવ્યવહાર અને કાયદો,
અન્ય તમામ મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, નાણાં, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગોના સચિવશ્રીઓ / અગ્ર સચિવશ્રીઓ / અધિક મુખ્ય સચિવશ્રીઓ. (સંબંધિત વિભાગોએ તેમના ખાતાના વડાઓની આ બાબતે જાણ અને જરૂરી કાર્યવાહી માટે માહિતી આપવી.)
× રજીસ્ટારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વીસીઝ ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ અને સર્વે અધિકારીઓ.
<u>વિશિષ્ટ ફાઈલ.</u>
પત્ર ધ્વારા.

**આંતર જિલ્લા / ખાતા ફેરબદલીના**
**કિસ્સામાં ઉચ્ચતર પગારધોરણ**
**મંજૂર કરવાની નીતિ અંગે.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ--એસએનઆર/૧૦૨૦૦૪/યુઓ/૨૦૧૪/ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– ૧૨/૦૮/૨૦૧૦.

**વંચાણે લીધોઃ**– સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૫–૦૭–૨૦૦૪ નો ઠરાવ
ક્રમાંકઃ--એસએનઆર/૧૦૨૦૦૪/યુઓ/૨૦૧૪/ગ–૨

સામાન્ય વહીવટ વિભાગના વંચાણ હેઠળના તા.૧૫/૭/૨૦૦૪ ના ઠરાવથી આંતર જિલ્લા / ખાતા ફેરબદલી પામેલા કર્મચારીઓ કે જેઓએ નાણાં વિભાગના તા.૧૬/૮/'૯૪ ના ઠરાવ મુજબ ઉચ્ચતર પગારધોરણની યોજનાનો લાભ મેળવેલ હોય તેઓનો ઉચ્ચતર પગારધોરણનો લાભ ચાલુ રાખવો, પરંતુ તેઓની સેવાઓ તેઓ જે જિલ્લામાંથી આંતર જિલ્લા બદલીથી નિમાયેલ હોય તે મૂળ જિલ્લા / ખાતામાં તેઓની સેવાઓ પરત કરવાનો તથા આ ઉપરાંત અન્ય કર્મચારીઓ કે જેઓએ આંતર જિલ્લા ફેરબદલી મેળવેલ હોય અને તેઓએ જે તે સંવર્ગમાં ૯ વર્ષ પુરા કર્યા હોવાથી ઉચ્ચતર પગારધોરણનો લાભ મેળવવા માંગતા હોય તો તેઓની સેવાઓ તેમના મૂળ જિલ્લામાં / ખાતામાં બદલી કર્યા બાદ જ સંબંધિતોને ઉચ્ચતર પગારધોરણનો લાભ આપવો તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે. પ્રસ્તુત તા.૧૫/૭/૨૦૦૪ ના ઠરાવની ઉકત જોગવાઈઓથી નારાજ થઈ નામ.હાઈકોર્ટમાં દાખલ થયેલી સ્પે.સી.એ.નં.૮૪૬૩/૨૦૦૮ તથા અન્ય જુદી જુદી ખાસ દિવાની અરજીઓમાં નામ.હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાઓ ધ્યાનમાં લઈને વંચાણે લીધેલ સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૫/૭/૨૦૦૪ નો ઠરાવ રદ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**–: ઠ રા વ :–**

સરકારશ્રીની પુખ્ત વિચારણાના અંતે વંચાણમાં લીધેલ સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૫/૭/૨૦૦૪ નો ઠરાવ આથી રદ કરવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૮/૫/૨૦૧૦ ની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એમ. સદાદીયા)
નાયબ સચિવ(ક.ગ.),
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

TA/SM
Please do needful
to upload the GR
on GAS website.
13/8/2010

P.T.O.

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.
તમામ માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, માહિતી આયોગની કચેરી, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
× રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો– તેઓના વહીવટી નિયંત્રણ હેઠળના ખાતા / કચેરીઓના વડાઓના ધ્યાને યોગ્ય પ્રકારે મુકવાની વિનંતી સાથે.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ અને સર્વે અધિકારીઓ.
નાયબ સેકશન અધિકારી, સિલેકટ ફાઈલ.
<u>વિશિષ્ટ ફાઈલ/ગ–૨ શાખા.</u>
× પત્ર ધ્વારા.